અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૪૧૭૭-૪૨૧૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૨/૦૯/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજય.

વિષય:- CBSE માંથી ધોરણ-૧૦ માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-૧૧ (વિ.પ્ર)માં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ:- ૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૦૮૩-૨૧૦૦, તા.૧૧/૦૮/૨૦૨૦
૨) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૨૨૮-૬૮, તા.૨૧/૦૮/૨૦૨૦

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે CBSEમાં ધોરણ-૧૦માં વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં Mathematics Basic અને Mathematics Standard એવા બે વિકલ્પો આપવામાં આવે છે. ધોરણ-૧૦ માં Mathematics Basic રાખનાર વિદ્યાર્થી CBSE બોર્ડની શાળામાં ધોરણ-૧૧માં ગણિત વિષય રાખી શકતો નથી. સંદર્ભ (૧) દર્શિત અત્રેના પત્રથી જણાવવામાં આવેલ હતું કે CBSE માંથી ધોરણ-૧૦ માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-૧૧ (વિ.પ્ર)માં પ્રવેશ આપી શકાય નહી.

ઉક્ત બાબત અંગે સંદર્ભ (૨) દર્શિત અત્રેની કચેરીના પરિપત્ર દ્વારા જણાવવામાં આવેલ હતું કે જે વિદ્યાર્થીઓએ CBSE બોર્ડમાંથી ધોરણ-૧૦ માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં કોવિડ-૧૯ પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ પુરતું જ ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં માત્ર 'B' ગૃપમાં પ્રવેશ મેળવી શકશે.

ઉક્ત વિગતે સંદર્ભ (૧) અને સંદર્ભ (૨) દર્શિત અત્રેના પત્રોથી સ્પષ્ટતા કરવામાં આવેલ હોવા છતાં કેટલીક શાળાઓ દ્વારા ઉક્ત પરિપત્રોની જોગવાઈનું ઉલ્લંઘન કરીને CBSE બોર્ડમાંથી ધોરણ-૧૦ માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માં ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં પ્રવેશ આપવામાં આવેલ છે. જે બાબત બિલકુલ અયોગ્ય છે.

ઉક્ત બાબતે પુનઃ જણાવવાનું કે CBSE બોર્ડમાંથી મેથેમેટિક્સ બેઝિક સાથે ધોરણ-૧૦ પાસ કરનાર કોઈપણ વિદ્યાર્થીને ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડની માન્યતા ધરાવતી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ આપી શકાશે નહિ. આ અંગે આપના તાબાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જરૂરી કાર્યવાહી કરવા માટે જણાવશો.

આવ-૫૧૬
આજ શાખને જાણકારી
૧૬૬૬
૨/૯/૨૧

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ક્રમાંક: મા.વિ.૬/પરીપત્ર/૨૦૨૧/૫૧૧૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૦૨/૦૯/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા